



ગ્રહ-નક્ષત્રો અનુસાર વર્ષ 2025થી વધારે ખતરનાક 2026નું વર્ષ સાબિત થનારું છે. કારણકે આ દરમિયાન ગુરુ અને મંગળની ચાલ બદલાશે. પરંતુ શનિ તો વર્તમાનમાં વક્રી છે. આ સાથે જ જો આપણે હિંદુ સંવત્સરની વાત કરીએ તો અત્યારે સિદ્ધાર્થ સંવત્સર ચાલી રહ્યું છે. ત્યાર બાદ 19 માર્ચ 2026થી રૌદ્ર નામનો સંવત્સર પ્રારંભ થશે. ગ્રહ-નક્ષત્રોના આધારે 2026નું વર્ષ કેવું રહેશે અને કઈ મોટી ઘટના થઈ શકે છે?

- ભારતના રાજકારણમાં મોટો ફેરફાર થશે.
- ભારતમાં આતંકવાદી હુમલો થવાની શક્યતા છે.
- પંજાબ, બંગાળ, કશ્મીર, ઓડિસા અને પૂર્વોતર રાજ્યમાં સમસ્યા ઊભી થશે.
- ભારતમાં મોટું આંદોલન થઈ શકે છે, જે ભારતના રાજકારણને અસ્થિર કરશે.
- કોઈ ઘટના-દુર્ઘટનામાં એક સાથે સેંકડો લોકોના મોતની સંભાવના છે.
- ભારતની સીમાઓ પર તનાવ વધી જશે.
- ભારતમાં પ્રદૂષણ પોતાની ચરમ પર પહોંચશે. મોસમ અને હવાથી લોકો પરેશાન રહેશે. કુદરતી આપદાઓ વધી જશે.

વર્ષ 2026માં ગુરુ (બૃહસ્પતિ) 2 જૂન સુધી મિથુન રાશિમાં રહેશે. પછી 2 જૂનથી 31 ઓક્ટોબર સુધી કર્ક રાશિમાં રહેશે. કુંભમાંથી નીકળીને 5 ડિસેમ્બરે રાહુ મકરમાં ગોચર કરશે. સિંહ રાશિમાંથી નીકળીને કેતુ કર્કમાં ગોચર કરશે.

16 જાન્યુઆરી 2026ના રોજ ધન રાશિમાંથી નીકળીને મંગળ મકરમાં ગોચર કરશે. ત્યાર બાદ તે કુંભ, મીન, મેષ, મિથુન, કર્ક અને સિંહમાં ગોચર કરશે.

**ગ્રહ-ગોચરનું પરિણામ**

ગુરુની મિથુન રાશિમાં સ્થિતિ દરમિયાન, મીડિયામાં ભ્રમ, ખોટી સૂચનાઓનો પ્રસાર અને કૂટનીતિનો તણાવ વધી શકે છે. બે દેશો વચ્ચે તણાવ ટોચ પર રહેશે. કર્ક રાશિમાં ગુરુની ઉચ્ચ અવસ્થામાં આવવાથી રાષ્ટ્રીયતાથી ભાવના, સાંસ્કૃતિક ઓળખ અને નવા વૈશ્વિક ગઠબંધન બહાર આવી શકે છે. ગુરુની કર્ક રાશિમાં ઉચ્ચ અવસ્થા દરમિયાન, જલવાયુ પરિવર્તનના કારણે પૂર, તોફાન અને જળ સંબંધિત કુદરતી આપત્તિઓ વધી શકે છે. જ્યારે ગુરુ કર્ક રાશિમાં પ્રવેશ કરશે ત્યારે તે ઉચ્ચ અવસ્થામાં હશે, જેનાથી થોડાક સમય માટે આર્થિક સ્થિરતા, સરકારી કલ્યાણ યોજનાઓ, કૃષિ અને રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં સુધારાની આશા રાખી શકે છે.

**કાળચક્ર**
**યજ્ઞાનંદ**

2 જૂન 2026 મંગળવારે મધ્યરાત્રિ 02:25 પર જ્યારે બૃહસ્પતિ/ગુરુ કર્ક રાશિમાં ગોચર કરશે તો ફરીથી ભારત પાકિસ્તાન વચ્ચે તણાવ ટોચ પર રહી શકે છે. પરંતુ ભારત પર તેનો કોઈ ખરાબ પ્રભાવ નહીં પડે.

31 ઓક્ટોબર 2026માં ગુરુ સિંહ રાશિમાં પ્રવેશ કરશે, જેનાથી પ્રભાવશાળી નેતાઓનો ઉદય અને વૈશ્વિક રાજકારણમાં બદલાવની શક્યતા છે. ભારતની ભૂમિ, નભ (આકાશ) અને જળ (પાણી)માં શક્તિ વધશે પરંતુ તેના શત્રુ પણ કાવતરું રચવામાં કોઈ કરકસર નહીં છોડે.

મંગળ 16 જાન્યુઆરી 2026ના રોજ ધન રાશિમાંથી નીકળીને મંગળ મકરમાં ગોચર કરશે. ત્યાર બાદ તે કુંભ, મીન, મેષ, મિથુન, કર્ક અને સિંહ રાશિમાં ગોચર કરશે. આ ગોચરમાં ભ્રમણ દરમિયાન ભારત વિરુધ્ધ કોઈ પણ શક્તિ સફળ ના થાય. વર્ષ 2026માં ભારત એક મોટા યુધ્ધમાં જઈ શકે છે. જો એવું થાય તો 28 ડિસેમ્બર 2027 સુધી આ યુદ્ધ ચાલી શકે છે. વર્ષ 2026માં એક તરફ જ્યાં સીમાઓ પર સંઘર્ષ વધશે. બીજી તરફ કુદરતી આપત્તિ, ભૂકંપ અને ખાદ્યાન્ન સંકટમાંથી દુનિયા પરેશાન રહેશે.

12 જુલાઈથી 15 ઓગસ્ટની વચ્ચેનો સમય ભયંકર રહેનારો છે. જ્યારે ગુરુ, ચંદ્ર અને સૂર્ય એટલે કે આ ત્રણેય ગ્રહો કર્ક રાશિમાં હશે એટલે કે 12 થી 15 ઓગસ્ટ વચ્ચે આ રાશિમાં જ રહેશે. આ યુતિ બાદ ભારત માટે પરિસ્થિતિઓ સુધરશે પરંતુ વિનાશ બાદ! ગુરુ, ચંદ્ર અને સૂર્ય- ત્રણેય ગ્રહો પુષ્ય નક્ષત્રમાં જઈ રહ્યા છે, જે શનિનું નક્ષત્ર છે. શનિ અને પુષ્ય- બંને ન્યાયના ગ્રહો છે. જે ત્રણેય ગ્રહો સાથે જોડાઈને અલગ અલગ વાર્તાઓ લખવાનું કામ કરશે. તેઓ સૂર્ય સાથે અગ્નિ અને ચંદ્ર સાથે પ્રલય કરશે. તેઓ વિનાશ પછી સૃષ્ટિનો પાયો પણ નાખશે. મીન રાશિમાં રહેલો આ શનિ જુલાઈ અને ઓગસ્ટ 2026માં પોતાનો સંપૂર્ણ વિનાશ કરશે. આવા ગ્રહયોગ સંકેત આપે છે.

મોટા ભાગના જ્યોતિષીઓનું માનવું છે કે જ્યારે શનિએ મકર રાશિમાં પ્રવેશ કર્યો હતો ત્યારે વર્ષ 2020થી દેશ અને દુનિયાનું ભવિષ્ય બદલાવા લાગ્યું છે. મકરથી માંડીને મેષ સુધી એટલે કે 2029 સુધી શનિની આ ગતિ દેશ અને દુનિયાની ભૂગોળ જ નહીં પરંતુ ભવિષ્ય અને મોસમ પણ બદલીને રાખી દીધી છે! એટલે કે, વિશ્વને બદલવાની શરૂઆત 2020થી થઈ ચૂકી છે.

2025 તેનો ટર્નિંગ પોઈન્ટ છે અને હવે 2026માં મહાયુદ્ધ થશે. પરંતુ કેટલાક જ્યોતિષીઓનું માનવું છે કે, શનિ ગ્રહ મેષ રાશિમાં જવાથી વિશ્વમાં મહાસંકટ આવશે. શનિ વર્ષ 2028માં પ્રવેશ કરશે.

**રૌદ્ર સંવત્સરનું પરિણામ**

વર્તમાનમાં વિક્રમ સંવત 2082 અંતર્ગત કાલયુક્ત સિદ્ધાર્થ સંવત્સર ચાલી રહ્યું છે. આ સંવત્સરના ફળ અનુસાર ભારતમાં અને દુનિયામાં યુદ્ધ અને આતંકવાદની ઘટનાઓના દર્શન થશે, જે એક મોટા યુદ્ધની ભૂમિકા નક્કી કરશે. મોંઘવારી વધશે. વરસાદ ખંડિત થશે. કેટલીક જગ્યાએ દુકાળ અને કેટલીક જગ્યાએ પૂરની હાલત જોવા મળશે. વૈશ્વિક સ્તર પર દોસ્ત અને દુશ્મન નક્કી થઈ જશે.

સિદ્ધાર્થ સંવત્સર પછી વિક્રમ સંવત 2083નો જ્યારે પ્રારંભ થશે ત્યારે રૌદ્ર નામનું સંવત્સર 19 માર્ચ 2026થી પ્રારંભ થશે. એટલે કે વિક્રમ સંવત 2083થી પ્રારંભ થશે 'રૌદ્ર સંવત્સર.' તે દેશ અને દુનિયામાં નરસંહાર લઈને આવશે. મધ્ય એશિયામાં નરસંહાર ચાલુ છે અને હવે તે દક્ષિણ એશિયામાં પણ દેખાશે. આ દરમિયાન વાતાવરણ ભારે બદલાશે અને કોઈ મોટો ભૂકંપ થવાનો અથવા જ્વાળામુખી ફાટવાનો પણ સંકેત મળે છે.

# નૂતનવર્ષે ચાર રત્ન જડિત 'લક્ષ્મીયોગ રત્નો'થી તમે પણ લક્ષ્મીવાન બનો!

**જ્યારે લક્ષ્મીપ્રાપ્તિ માટે બધા જ દોડી રહ્ય હોય છે પરંતુ લક્ષ્મી ફક્ત કેટલાંક લોકો પર જ મહેરબાન થાય છે! તેનું કારણ છેઃ લક્ષ્મી યોગ. કારણ કે ગ્રહોના અસ્તિત્વને નકારી શકાતું નથી**

**યંત્ર-મંત્ર-તંત્ર**
**યજ્ઞેશ ત્રિવેદી**

વનમાં 'સુખ'ખાસ કરીને 'સંપન્નતા' પર નિર્ભર કરે છે... જ્યારે 'દુઃખ' સામાન્ય રીતે 'પૈસા'ના અભાવના કારણે હોય છે!

માનવજીવનને બે મુખ્ય ભાગોમાં વહેંચી શકાય છેઃ સારા યોગ અને અરિષ્ટ (ખરાબ) યોગ... અથવા ભાગ્ય અથવા દુર્ભાગ્ય.

દરેક વ્યક્તિની કુંડળીમાં સુયોગ અને દુર્યોગ રહેલા હોય છે. જ્યોતિષમાં કેટલાયે મહાયોગ હોય છે જે વ્યક્તિને જીવનની ટોચ ઉપર પહોંચાડી દે છે.. જ્યારે કેટલાક દુર્યોગ (ખરાબ યોગ) પણ હોય છે. જે વ્યક્તિની ભરપૂર મહેનતને પણ સફળ થવા દેતી નથી!!

જ્યોતિષના આધારે જન્મકુંડળીના દરેક જન્મ લગ્નમાં ગ્રહોના વિશિષ્ટ- લક્ષ્મી યોગ, રાજયોગ વગેરેને દર્શાવે છે. જન્મ લગ્ન અનુસાર જે ગ્રહ ધનયોગ બનાવે છે તેને રત્ન ધારણ દ્વારા બળવાન બનાવવામાં આવે તો - વ્યક્તિના જીવનમાં આકસ્મિક ધન પ્રાપ્તિ, બુધ્ધિ તથા ભાગ્યની પ્રબળતા, લાભ, આવકમાં વધારો તેમ જ અચલ સંપત્તિમાં વધારો પ્રાપ્ત કરી શકાય છે.

આવું કેમ થાય છે?- કે જ્યારે બધા લક્ષ્મીપ્રાપ્તિ માટે દોડી રહ્યા હોય છે તો લક્ષ્મી ફક્ત થોડાંક લોકો પર જ મહેરબાન થાય છે! તેનું કારણ છે- લક્ષ્મી યોગ.

'લક્ષ્મી યોગ'- એ યોગ છે કે જેની કુંડળીમાં તે રહેલો હોય તો - વ્યક્તિ કેટલાયે ગ્રહોની નકારાત્મક સ્થિતિ હોવા છતાં પણ ધનવાન થાય છે. 'લક્ષ્મીયોગ'નો અર્થ છે કે, સાક્ષાત્ લક્ષ્મીજી તમારી જન્મપત્રિકામાં બિરાજમાન થઈ છે અને તે તમોને એક સુખી-સંપન્ન તેમ જ વૈભવશાળી જીવન આપે છે.

અમારાં વર્ષો સુધીનાં પરીક્ષણ તેમ જ અનુભવના આધારે દરેક જન્મ-લગ્ન અનુસાર તે રત્નની જાણકારી મેળવી છે, જે સીધી રીતે તમારી 'આર્થિક સ્થિતિ'ને પ્રભાવિત કરે છે, કારણ કે જન્મ કુંડળી તમારી છે અને તેમાં બેઠેલા ગ્રહોને નકારી શકાતા નથી.

દરેક જન્મ લગ્ન અનુસાર 'ધનપ્રાપ્તિ'માટે... ભૌતિક સમૃધ્ધિ માટે... અચલ સંપત્તિ માટે જ 'રત્નોની' પસંદગી કરવામાં આવી છે તથા જે ગ્રહ વ્યક્તિને ધનવાન બનાવી શકે છે અથવા તેની મહેનતનું ફળ આપે છે- તે ગ્રહ વ્યક્તિને ધનવાન બનાવી શકે છે અથવા તેની મહેનતનું ફળ આપે છે - તે ગ્રહોના રત્નોનું આ 'શ્રી લક્ષ્મી યોગ રત્ન લોકેટ'નું નિર્માણ કર્યું છે, જેના પ્રભાવથી ધનપ્રાપ્તિ સુનિશ્ચિત છે!

'ધન'તથા 'સૌભાગ્ય'ની પ્રાપ્તિ માટે 'રત્નોને ધારણ કરવાનું' ચલણ પહેલેથી જ છે.

રત્નોને ધારણ કરવું તે - ભાગ્ય પરિવર્તનમાં ઉપયોગી માનવામાં આવે છે.

કારણ કે રત્ન બહુ જ કિંમતી હોવાના કારણે મોંઘાં હોય છે અને સાધારણ વ્યક્તિની પહોંચની બહાર હોય છે... એટલે અમે તમારા માટે આ રત્નોનાં ઉપ-રત્નોનો ઉપયોગ કરીને 'શ્રી લક્ષ્મીયોગ રત્ન લોકેટ' તૈયાર કર્યું છે જે સંપૂર્ણ વૈદિક પધ્ધતિથી પ્રાણ- પ્રતિષ્ઠિત અને જે તે ગ્રહોના મંત્રો દ્વારા સિધ્ધ, જાગ્રત કરવામાં આવ્યું છે.

આપશ્રીની જન્મ કુંડળીમાં બેઠેલા અશુભ ગ્રહોના કારણે તમે જો જિંદગી ખરાબ કરી રહ્યા હોય તો નિરાશ થવાની કે પસ્તાવાની જરૂર નથી. જીવનમાં ઘણા રસ્તા છે- જે તમને બેઠા કરી દે છે. એમાંનો આ એક રસ્તો છે. તમારે જાગૃત થઈને જિંદગી બદલવાનો નવા વર્ષે ખૂબ સારો અમૂલ્ય અવસર છે. બેઠા બેઠા તો સિંહના મોંઢામાં પણ શિકાર નથી આવતો... તેને પણ ઊભા થઈને પ્રયત્ન કરવો પડે છે, તેથી તમે પણ આ નૂતન વર્ષે હાથ-પગ જોડીને બેસી રહેવા કરતાં... જાગ્યા ત્યાંથી સવાર-સમજીને તાત્કાલિક ઉપાય કરો... લક્ષ્મીજી તમને પણ મળવા લાગશે!!! ભાગ્ય તમારું પણ ખૂલશે... જો વિદેશયોગ હોય અને વિદેશ ના જવાતું હોય તોપણ આ શ્રી લક્ષ્મી યોગ રત્નો ભૌતિક સમૃધ્ધિ તેમ જ અચલ સંપત્તિ પ્રાપ્ત થવાનું વરદાન છે.

**મેષ લગ્નઃ** જરકન, માણેક, પોખરાજ, નીલમ.
**વૃષભ લગ્નઃ** પન્ના, પોખરાજ, નીલમ, જરકન.
**મિથુન લગ્નઃ** મોતી, પોખરાજ, નીલમ, જરકન.
**કર્ક લગ્નઃ** માણેક, જરકન, મંગળ, પોખરાજ.
**સિંહ લગ્નઃ** પન્ના, જરકન, મંગળ, પોખરાજ.
**કન્યા લગ્નઃ** જરકન, પન્ના, મોતી, નીલમ.
**તુલા લગ્નઃ** પન્ના, માણેક, મોતી, નીલમ.
**વૃશ્ચિક લગ્નઃ** પોખરાજ, પન્ના, માણેક, મંગળ.
**ધન લગ્નઃ** નીલમ, જરકન, માણેક, મંગળ.
**મકર લગ્નઃ** નીલમ, જરકન, પન્ના, મંગળ.
**કુંભ લગ્નઃ** જરકન, પન્ના, મંગળ, પોખરાજ.
**મીન લગ્નઃ** પોખરાજ,નીલમ,મોતી, મંગળ.

ચાર ઉપરત્નોથી બનેલું આ શક્તિશાળી જાગૃત, ચેતનાવાળું, સજીવન તેમ જ લક્ષ્મી મંત્રો-તંત્રો તથા લૉકેટમાં જડવામાં આવેલા દરેક ગ્રહોનાં રત્નોના મંત્રોથી સિધ્ધ કરવામાં આવે છે તેથી ધારણ કરનારને અશુભ દોષો મટીને શુભ યોગો બનાવીને જીવન ધીમે - ધીમે નવજીવન બનાવી દે છે.



# કારતક મહિનો પવિત્ર અને શ્રી હરિ વિષ્ણુ અને લક્ષ્મીજીને પ્રિય છે

**જડીબુટ્ટી**
**નજુમી**

તા. 22 ઓક્ટોબર 2025, કારતક સુદ એકમ, સંવત 2082નો પ્રારંભ થશે. નવું વર્ષ શરૂ થશે. કારતક મહિનામાં સ્નાન, વ્રત, દીપદાન, તુલસી પૂજન અને દાનથી પાપમાંથી મુક્તિ મળે છે અને મોક્ષની પ્રાપ્તિ થાય છે. આ મહિનો ભગવાન વિષ્ણુ અને મા લક્ષ્મીજીની ઉપાસના માટે ખાસ મહત્ત્વનો છે.

કારતક મહિનો શરૂ થશે તેની સાથે જ એક એવો પુણ્યકાળ આરંભ થઇ જશે. કારતક મહિનો હિંદુ ધર્મમાં સૌથી પવિત્ર મહિનામાં ગણાય છે. આ મહિનો ભગવાન શ્રી હરિ વિષ્ણુ અને માતા લક્ષ્મીજીની ઉપાસના માટે સમર્પિત હોય છે. આ મહિનામાં સ્નાન, વ્રત, દીપદાન, તુલસી પૂજન, કથા-પાઠ અને દાન કરવાથી વ્યક્તિનાં પાપોમાંથી મુક્તિ અને મોક્ષની પ્રાપ્તિ થાય છે.

કારતક મહિનાનો દરેક દિવસ આધ્યાત્મિક દૃષ્ટિએ વિશેષ મહત્ત્વ રાખે છે. આ મહિનામાં નાનાં નાનાં સત્કર્મ જીવનમાં સકારાત્મક પ્રભાવ લાવે છે. કારતક મહિનામાં કેટલાક વિશેષ ઉપાય અને નિયમ જે ભગવાન શ્રી હરિ વિષ્ણુ અને મા લક્ષ્મીજીની કૃપા પ્રાપ્ત કરવામાં મદદરૂપ સાબિત થાય છે.

**કારતક સ્નાનનું મહત્ત્વ**

બ્રહ્મમુહૂર્તમાં ગંગા, યમુના અથવા કોઇ પવિત્ર નદીમાં સ્નાન કરવું શ્રેષ્ઠ માનવામાં આવે છે. જો તે પણ શકય ના હોય, તો ગંગાજળ ભેળવીને ઘર પર જ સ્નાન કરવું. તેનાથી શરીર અને આત્માની શુદ્ધિ થાય છે અને પાપમાંથી મુક્તિ મળે છે.

**દીપદાન કરવું**

કારતક મહિનામાં તુલસી માતા, પીપળાનું વૃક્ષ, ભગવાન શ્રી હરિ વિષ્ણુ, યમદેવ અને મા લક્ષ્મી સમક્ષ દીવો પ્રગટાવવો તે બહુ જ પુણ્યદાયક હોય છે. જો માટીનો દીવો હોય તો દરરોજ નવો લેવો.ધાતુનો દીવો હોય તો શુદ્ધ કરીને ઉપયોગમાં લેવો.

**તુલસી પૂજા**

સવારે અને સંધ્યાના સમયે તુલસી પાસે દીવો પ્રગટાવવો. તુલસીને દૂધમિશ્રિત પાણી ચઢાવવું. તુલસી પાસે સ્વચ્છતા રાખવી. ભગવાનને અર્પણ કરેલો ભોગ/નૈવેદ્ય તુલસી વગર ના હોવો જોઈએ.

**ભગવાન વિષ્ણુને તલ અર્પણ કરો**

દરેક દિવસે ભગવાન વિષ્ણુને કાળા તલ અર્પણ કરવા. તેનાથી જાણ્યે-અજાણ્યે થયેલાં પાપ નષ્ટ થાય છે અને મોક્ષની પ્રાપ્તિ થાય છે.

**પાઠ અને મંત્ર જાપ**

આ મહિનામાં લક્ષ્મી સ્તોત્ર, વિષ્ણુ સહસ્રનામ, કનકધારા સ્તોત્ર, ગીતા પાઠ, શ્રી રામચરિત માનસનો પાઠ અત્યંત ફળદાયક હોય છે.

**તુલસીની માટીથી કરો તિલક**

તુલસી પૂજાના સમયે તેની માટી લઇને તિલક કરવું અત્યંત શુભ હોય છે. તેનાથી બુદ્ધિ અને વિવેકની વૃદ્ધિ થાય છે અને માનસિક શાંતિ મળે છે.

**દાન કરવું**

કારતક મહિનામાં અન્ન, વસ્ત્ર, દીવો, ઘી, દક્ષિણા વગેરેનું દાન કરવાથી પુણ્ય વધે છે. ખાસ કરીને ભાગવત ઉપાસકોને દાન કરવું અત્યંત શ્રેષ્ઠ માનવામાં આવે છે.

**ગાયની સેવા કરવી**

દરેક દિવસે ગાયને ગોળ અને રોટલી ખવડાવી તે આ મહિનામાં અત્યંત પુણ્યકારક હોય છે. તેનાથી દરિદ્રતા દૂર થાય છે અને લક્ષ્મી કૃપા થાય છે.

શુધ્ધ ઘી અથવા તલના તેલનો દીવો પ્રગટાવવો.

ભારતીય દેશી ગાયના ઘીથી દીવો પ્રગટાવવો સૌથી શુભ માનવામાં આવે છે. જો તે શકય ના હોય તો તલના તેલનો દીવો પણ ઉત્તમ રહે છે.

**તુલસી વિવાહ કરવો**

કારતક સુદ એકાદશી (દેવઊઠી / પ્રબોધિની એકાદશી) ના દિવસે તુલસી વિવાહ કરવો શુભ રહે છે. આ વિવાહ પ્રતીકાત્મક હોય છે અને તેનાથી લગ્નજીવન સુખમય બને છે.

કારતક મહિનામાં શું ના કરવું?

કારતક ઘણો પવિત્ર મહિનો છે. આ મહિનામાં ભૂલથી પણ તામસિક ચીજો-માંસ-મદિરાનું સેવન ના કરવું. આ ભૂલથી મા લક્ષ્મી નારાજ થઇ જાય છે અને કંગાલ બનાવે છે.

મા લક્ષ્મી ગંદા સ્થાન પર વાસ નથી કરતી. આવા ઘરમાં બરકત નથી રહેતી. હંમેશા ધનની કમી રહે છે.

કારતક માસમાં કોઇને અપશબ્દ ના કહેવો, ના તેના માટે નકારાત્મક વિચારવું. તનની સાથે મન પણ પવિત્ર રાખવું જરૂરી છે.

આ મહિનામાં દેવઊઠી અગિયારસનું પર્વ આવે છે. આ દિવસે ભગવાન વિષ્ણુ-યોગનિદ્રામાંથી જાગૃત થાય છે. તેની સાથે જ બધાં માંગલિક કાર્યોની શરૂઆત ફરીથી થઇ જાય છે.

કારતક મહિના દરમિયાન રોજ તુલસી પર જલ ચઢાવ્યા બાદ તેના મૂળની પાસેથી થોડીક માટી લઇને પોતાના માથા અને નાભિ પર લગાડવી. આમ કરવાથી મા તુલસીના આશીર્વાદ પ્રાપ્ત થાય છે અને તમે દરેક ક્ષેત્રમાં સફળ થાવ છો.

**તુલસીના છોડ પર સોળ શૃંગાર**



સુખી લગ્નજીવન અને લવ લાઈફ માટે કારતક મહિના દરમિયાન માતા રાની તુલસીજીને ચૂંદડી સહિત અન્ય શૃંગારની ચીજો ચઢાવવી. આમ કરવાથી દામ્પત્યજીવનમાં ખુશી આવે છે.

**આ મંત્રનો જાપ કરવો**

કારતક માસમાં તુલસીના છોડને જળ ચઢાવતાં ચઢાવતાં...
મહાપ્રસાદ જનની, સર્વ સૌભાગ્યવર્ધિની,
આધિ વ્યાધિ હરા નિત્યં, તુલસી ત્વં નમોસ્તુતે|
મંત્રનો 108 વાર જપ કરવો જોઈએ.

તુલસીજીનું પૂજન અને ખાસ ઉપાયો કરવાથી મા લક્ષ્મીની કૃપા પ્રાપ્ત થાય છે. તેનાથી જીવનમાં સુખ-સમૃદ્ધિ, ધન-વૈભવ અને સકારાત્મક ઊર્જાનું આગમન થાય છે. કારતક મહિનો ભગવાન વિષ્ણુને ઘણો જ પ્રિય છે. સાથે જ મા લક્ષ્મીજીની કૃપા પ્રાપ્ત કરવા માટે પણ આ મહિનો મુખ્ય છે.

શ્રી વિષ્ણુ સહસ્ર પાઠ કે નામાવલી, ૐ નમો ભગવતે વાસુદેવાય, શ્રીમદ ભગવદગીતાના પાઠ, પુરુષ સૂકત, શ્રી સૂકત વગેરે શ્રી હરિ વિષ્ણુ- લક્ષ્મીજીના મંત્રો, સ્તોત્રો, પૂજન, લક્ષ્મી હવન, વિષ્ણુ હવન વગેરેના જાણકાર પાસે લાભ લઈને સુખી થઇ જાય. દુઃખના ડુંગરામાંથી બહાર નીકળો અને સુખનો સુરજ ઉગાડો. તમે ઈચ્છો તો આ કારતક મહિનામાં સ્ફટિકનું સિદ્ધ શ્રીયંત્ર, શ્રી લક્ષ્મી-કુબેર પોટલી વગેરે લક્ષ્મીદાયક વસ્તુઓ પણ પૂજા સ્થાનમાં સ્થાપવાથી સોનામાં સુગંધ ભળે તેમ તમારી જિંદગી આખી નવા વર્ષથી બદલાઈ જશે.